Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# ગુજરાત રાજયમાં મત્સ્યોધોગ પ્રવૃતિ થકી ગ્રામ-વિકાસ

**ભરતસિંહ રાયજાદા**
**પીએચ.ડી.ના વિદ્યાર્થી, ગુજરાત વિદ્યાપીઠ,રાંધેજા,જિ.ગાંધીનગર**
bharatsinhraijada@gmail.com

**ડો.રાજીવભાઇ પટેલ**
**નિયામક,ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ,રાંધેજા**rajiv@gujaratvidyapith.org

***ટૂંકસાર:-*** *ગુજરાત રાજ્યને સૌથી લાંબો દરીયા કિનારો મળ્યો છે. જેના કિનારે આવેલા ગામડાઓમાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિનો અને માળખાકિય સુવિધાઓનો વિકાસ થયો છે તેમજ રોજગારીની તકોમાં વધારો થયો છે. આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્રે મોટા જળાશયો,ગામ તળાવો તથા ભાંભરા પાણી માટે સરકારશ્રીએ જુદી જુદી નીતિ બહાર પાડી. પરીણામે આદીજાતિ વિસ્તાર અને કાઠા વિસ્તારના ઊંડાણના ગામોમાં ગ્રામ વિકાસની ઝલક દેખાઇ આવે છે.*

***ચાવીરૂપ શબ્દો*** *:-ખંડીય છાજલી,ઝીંગા ઉછેર, મત્સ્ય પેદાશ,યાંત્રિક હોડીઓ,મત્સ્ય ઉત્પાદન ક્ષમતા*

---

## ૧.૦ પ્રસ્તાવના:-

સમગ્ર વિશ્વમાં ગ્રામ વિકાસ માટે કોઇ સર્વ-સ્વિકૃત દિશા નિર્દેશ અસ્તિત્વમાં નથી. ગ્રામ વિકાસની દિશા સમય, સ્થળ અને સંસ્કૃતિ મુજબ બદલાતી રહે છે. ગ્રામ વિકાસનો સામાન્ય અર્થ ગ્રામ્ય પ્રજાની સુખાકારીમાં સમગ્ર રીતે વધારો કરવો એવો થાય છે. એક અર્થમાં તે વ્યાપક છે અને બહુઆયામી ખ્યાલ છે, જેમાં કૃષિ અને સંલગ્ન સેવાઓ, કુટીરઉધોગો, સામાજિક-આર્થિક માળખીય બાબતો, સામુહિક સેવાઓ અને તે તમામની ઉપર માનવ સંશાધનનો સમાવેશ થાય છે. ગ્રામ વિકાસ એ ભૌતિક, તકનીકી, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને સંસ્થાકીય પાસાઓનાં પારસ્પરિક પ્રભાવનું પરિણામ કહી શકાય. તેને સાકાર કરવા માટે ગરીબ ગ્રામજનોની આવક અને સુખાકારીમાં સુધારો થાય તેવી રણનીતિ ઘડવામાં આવે છે.

ભારતનાં સંદર્ભમાં ગ્રામ વિકાસને મૂલવીએ તો વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણત્રી મુજબ ભારતની કુલ વસ્તીનાં ૬૮ ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે. ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા મોટા ભાગના લોકોનો જીવન નિર્વાહ કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ પર આધારિત છે. આઝાદી પહેલાં ૮૩ ટકા લોકો ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા હતા, તેથી શરુઆતથી જ આપણી નીતિ ગ્રામ વિકાસલક્ષી રહેતી આવી છે અને રહેશે. ગ્રામ્ય વિસ્તારમાં વસતા ગરીબ લોકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો કરવા પર વ્યુહાત્મક રીતે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવતું રહયું છે. આમ, આયોજન પ્રક્રિયા દરમ્યાન સામાજિક ન્યાય સાથેનાં આર્થિક વિકાસનો મુદ્દો મુખ્ય લક્ષ્ય રહયો છે.

દરેક પંચવર્ષિય યોજનામાં ગ્રામ વિકાસ માટેની વ્યુહ રચના બદલાતી રહે છે. પ્રથમ પંચવર્ષિય યોજના (૧૯૫૧-૫૬)માં સામુહિક વિકાસ યોજનાની, બીજી પંચવર્ષિય યોજના (૧૯૫૬-૬૧)માં સ્થાનિકોના સહકારથી સહકારી ખેતીની, ત્રીજી પંચવર્ષિય યોજના (૧૯૬૧-૬૬)માં લોકશાહિનાં વિકેન્દ્રીકરણ મીકેનીઝમ દ્વારા પંચાયતી રાજ પધ્ધતિને પુનઃ સુદ્રઢ કરવાની, ચોથી પંચવર્ષિય યોજના (૧૯૬૯-૭૪)માં વિસ્તાર વિકાસ કાર્યક્રમો / પછાત વિસ્તાર વિકાસ કાર્યક્રમોની, પાંચમી પંચવર્ષિય યોજના (૧૯૭૪-૭૯)માં ગ્રામ્ય

વિસ્તારોમાં ગરીબી નિવારણ માટે ન્યુનતમ જરૂરીયાત કાર્યક્રમની, જયારે છઠ્ઠી પંચવર્ષિય યોજના (૧૯૮૦-૮૫)માં સામાજિક-આર્થિક માળખાને સુદ્રઢ કરવા અને IRDP યોજના દ્વારા આર્થિક અસમાનતાનાં નિવારણ માટેની વ્યુહરચના ઘડવામાં આવી હતી. સાતમી પંચવર્ષિય યોજના (૧૯૮૫-૯૦)માં આર્થિક ઉપાર્જન માટે સાધન-સહાય, જમીન સુધારણા જેવા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતા. આઠમી પંચવર્ષિય યોજના (૧૯૯૨-૯૭) માં લોક ભાગીદારીથી ગ્રામ્ય રસ્તાઓ, નાની સિંચાઇ, જમીન સંરક્ષણ અને સામાજિક વનીકરણ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. નવમી પંચવર્ષિય યોજના (૧૯૯૭-૨૦૦૨) માં વિકેન્દ્રીત આયોજન દ્વારા રાષ્ટ્ર નિર્માણ પર ભાર મુકવામાં આવ્યો હતો જેમાં ખાનગી ક્ષેત્રને પણ આવરી લેવામાં આવ્યું હતું.

ચોથી પંચવર્ષિય યોજના દરમ્યાન કૃષિ ક્ષેત્રે થયેલી હરિયાળી ક્રાંતિએ દેશને અન્ન ઉત્પાદન ક્ષેત્રે સ્વનિર્ભર કરી દીધો. હરિયાળી ક્રાંતિથી ગ્રામ વિકાસમાં પણ વેગ આવ્યો. સરકારશ્રીએ નાના ખેડૂતોને મદદરૂપ થવા માટે નાના ખેડૂતોની વિકાસ એજન્સી (Small Farmers’ Development Agency) ની દરેક જિલ્લામાં સ્થાપના કરી જેને પાછળથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) એવું નામ આપવામાં આવ્યું. ગ્રામ વિકાસની તમામ યોજનાઓનું અમલીકરણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફત કરવામાં આવે છે.

દરમ્યાન, કૃષિ ક્ષેત્રની માફક મત્સ્ય પાલન ક્ષેત્રે પણ વિવિધ વૈજ્ઞાનિક સંશોધનોનાં પરિણામે “ભૂરી કાંતિ” (Brown Revolution) થઇ.દરીયાઇ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે હોડીઓનુ યાંત્રીકરણ,મત્સ્ય બંદરોનો વિકાસ, માછલીઓની જાળવણી અને નીકાસ ક્ષેત્રે ખુબજ વિકાસ થયો. સાથે સાથે ગામ તળાવો, સરોવરો, જળાશયોમાં વૈજ્ઞાનિક પધ્ધતિથી મત્સ્યબીજ ઉછેર કરીને મત્સ્ય ઉત્પાદન થકી સ્વરોજગારી મેળવવાના નવા યુગની શરુઆત થઇ. કૃષિ, પશુપાલન, મરઘા પાલન વગેરે સાથે મત્સ્ય ઉછેરનાં વ્યવસાયને સાંકળીને એક ઇન્ટેગ્રેટેડ પ્રોગ્રામ પણ અમલમાં આવ્યો. સરકારશ્રીએ મત્સ્ય પાલન કરતા મત્સ્ય ખેડૂતોને મદદરુપ થવા માટે મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા (Fish Farmers’ Development Agency -FFDA) ની શરુઆત કરી, જેમાં પાંચમી, છઠ્ઠી અને સાતમી પંચવર્ષિય યોજનામાં ક્રમશઃ વધારો કરીને હાલમાં દેશનાં લગભગ ૪૨૨ જિલ્લાઓમાં મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થાઓ (FFDA) કાર્યરત છે, જે મત્સ્ય ખેડૂતોને ટેકનીકલ માર્ગદર્શન, તાલીમ, મત્સ્યબીજ, ઇનપુટ સબસીડી વગેરે પુરું પાડે છે.

પરિણામે દેશમાં મત્સ્યોદ્યોગને ખૂબ વેગ મળ્યો છે. મત્સ્ય ઉત્પાદન વધવાની સાથે સ્થાનિક કક્ષાએ રોજગારીનું પણ સર્જન થઇ રહયું છે, સાથે સાથે તાજા પ્રોટીનયુકત ખોરાકની પણ આપુર્તિ થઇ રહી છે.

## ૨.૦ ગુજરાત રાજયમાં મત્સ્યોધોગ પ્રવૃતિઃ

ગુજરાત રાજયને સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. લંબાઇ ધરાવતો દરિયાકિનારો મળ્યો છે. જેથી વહાણવટુ અને માછીમારી એ ગુજરાતના પરંપરાગત વ્યવસાય રહયા છે. સમય જતાં નદીઓ પર જળાશયો બંધાતાં તેમાં પણ માછીમારીની માછીમારીની **પ્રવૃ**તિ વિકસી છે. છેલ્લા બે દાયકાથી દરિયા કિનારે ખારલેન્ડની પડતર જમીનમાં તળાવો બનાવીને ઝીંગા ઉછેર કરવાની **પ્રવૃતિને**

**પણ વેગ મળ્યો** છે. પરિણામે, મત્સ્ય ઉત્પાદન તેમજ નિકાસમાં ઉતરોતર વધારો નોંધાયો છે.

ગુજરાત રાજયમાં મત્સ્યોધોગ પ્રવૃતિ પર નિયમન માટે ગુજરાત સરકારનાં કૃષિ અને સહકાર વિભાગ હેઠળ મત્સ્યોધોગ ખાતું કાર્યરત છે. મત્સ્યોધોગ ખાતાએ રાજયની સ્થાપનાનાં શરુઆતનાં દાયકામાં દરિયાઇ મત્સ્યોધોગનાં વિકાસ માટે હોડીઓનું યાંત્રિકરણ, ટ્રોલીંગ જેવી માછીમારી પધ્ધતિને પ્રોત્સાહન, માળખાકિય સુવિધાઓ જેવા વિકાસ કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. ત્યારબાદ આંતરદેશીય મત્સ્યોધોગ હેઠળ ગામ તળાવો, જળાશયો અને નદીઓમાં માછીમારીને પ્રોત્સાહિત કરતા કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રીત કર્યું. સાથે સાથે સહકારી ક્ષેત્ર મારફત પણ મત્સ્યોધોગ પ્રવૃતિનો વિકાસ થવા લાગ્યો. પરિણામ સ્વરૂપે આજે દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં ગુજરાત રાજય મોખરાનું સ્થાન ધરાવે છે. પરંતુ આંતરદેશીય મત્સ્યોધોગ ક્ષેત્રે હજુ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર જણાય છે.

રાજયમાં માછીમારોની કુલ વસ્તી ૫.૫૯ લાખ છે જે પૈકી દરિયાઇ માછીમારો ૩.૨૮ લાખ તથા આંતરદેશીય માછીમારો ૨.૩૧ લાખ છે. રાજયમાં કુલ ૧૦૫૮ મત્સ્ય ગામો/કેન્દ્રો આવેલા છે. તે પૈકી ૨૬૦ દરિયાઇ, ૭૧૬ આંતરદેશીય તથા ૮૨ ખાડી વિસ્તારનાં છે. રાજયને ૧.૮૪ લાખ ચોરસ કિ.મી. ખંડિય છાજલીનો વિસ્તાર તથા ૨.૧૪ લાખ ચોરસ કિ.મી. Exclusive Economic Zone (EEZ) નો વિસ્તાર મળ્યો છે. રાજયની મત્સ્યોધોગ પ્રવૃતિને બે ભાગમાં વહેંચી શકાય. દરિયાઇ મત્સ્યોધોગ અને આંતરદેશીય મત્સ્યોધોગ.

## ૨.૧ ગુજરાતનો દરિયાઇ મત્સ્યોધોગઃ

આપણે અગાઉ જોયું તેમ રાજયને સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. લંબાઇનો દરિયા કિનારો મળ્યો છે. જિલ્લાવાર દરિયા કિનારાની લંબાઇ નિચેના કોઠામાં દર્શાવી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | દરિયા કિનારાની લંબાઇ (કિ.મી.) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૬૩ |
| ૨ | નવસારી | ૨૭ |
| ૩ | સુરત | ૮૩ |
| ૪ | ભરુચ | ૧૨૭ |
| ૫ | આણંદ | ૫૧ |
| ૬ | મોરબી | ૨૬ |
| ૭ | ભાવનગર | ૧૫૨ |
| ૮ | કચ્છ | ૪૦૬ |
| ૯ | જામનગર (દેવભૂમિ દ્વારકા સહિત) | ૩૪૨ |
| ૧૦ | પોરબંદર | ૧૦૫ |
| ૧૧ | જુનાગઢ (ગીર સોમનાથ સહિત) | ૧૫૬ |
| ૧૨ | અમરેલી | ૬૨ |
| | **કુલ...** | **૧૬૦૦** |

(માહિતિ સ્ત્રોત: Fisheries statistics of Gujarat State-2016-17, Commissioner of Fisheries, Govt. of Gujarat, Gandhinagar)

ગુજરાત રાજયનાં દરિયા કિનારે ૨૬૦ મત્સ્ય ગામો/કેન્દ્રો આવેલા છે. પરંતુ દરિયાઇ મત્સ્યોધોગ પ્રવૃતિનો વધુ વિકાસ રાજયનાં મુખ્ય ૧૦ કેન્દ્રો વેરાવળ, માંગરોળ, પોરબંદર, જાફરાબાદ, દ્વારકા/રૂપેણ, ઓખા, જખૌ, રાજપરા, નવાબંદર અને ઉમરસાડી ખાતે થયો છે. રાજયનાં કુલ દરિયાઇ મત્સ્ય ઉત્પાદન પૈકી ૭૦ ટકા મત્સ્ય ઉત્પાદન ઉપરનાં ૧૦ કેન્દ્રો પરથી આવે છે.

માછીમારી માટે ટ્રોલર્સ, ગીલનેટર્સ તથા ડોલનેટર્સ પ્રકારની લાકડા અથવા તો ફાઇબર ગ્લાસની હોડીઓ વપરાય છે. માંગરોળ ખાતે ફાઇબર ગ્લાસની હોડીઓ બનાવવાનાં અનેક એકમો સ્થાપિત થયા છે જેનાથી સ્થાનિકોને રોજગારી મળે છે. નાની ફાઇબર ગ્લાસની હોડીઓની ખરીદી પર રાજય સરકાર સહાય આપે છે.

રાજયમાં ૨૦૧૭-૧૮ ની સ્થિતિએ કુલ ૨૪૭૨૦ દરિયાઇ માછીમારી માટેની યાંત્રિક હોડીઓ આવેલી છે જેમાં ટ્રોલર્સ ૮૦૪૯, ગીલનેટર્સ ૧૬૩૨, ફાઇબર ગ્લાસ હોડીઓ (અંદરનાં ભાગમાં ફીટ કરેલા યંત્રોવાળી) ૧૪૦૮, ફાઇબર ગ્લાસ હોડીઓ (બહારના ભાગમાં લગાવેલા યંત્રોવાળી) ૯૪૦૪ તથા ડોલ નેટર-૩૨૦૩લાકડાની નાની હોડીઓ (બહારના ભાગમાં લગાવેલા યંત્રોવાળી) ૨૪ નો સમાવેશ થાય છે. ઉપરના આંકડા જોતાં જણાશે કે કુલ હોડીઓ પૈકી ૫૦ ટકા હોડીઓ ફાઇબર ગ્લાસની બનેલી છે. જે વર્ષ ૧૯૮૦ પહેલાં એક પણ ન હતી. વર્ષ ૧૯૮૦ બાદ ગુજરાત સરકારે પર્યાવરણ બચાવવાની ઝૂંબેશનાં ભાગરૂપે ફાઇબર ગ્લાસની હોડીઓને પ્રોત્સાહન આપ્યું ,તેનું આ સુંદર પરિણામ મળ્યું. યાંત્રિક હોડીઓ ડીઝલ અથવા કેરોસીનથી ચાલતી હોય છે અને તેમાં ૬ હોર્સપાવર્સથી લઇને ૧૦૦ હોર્સ પાવર્સનાં યંત્રો લગાવવામાં આવતા હોય છે. ડીઝલ/કેરોસીનનાં સતત ભાવ વધારામાં રાહત મળી રહે તે હેતુથી સરકારશ્રી તેમાં પણ નાણાકિય સહાય આપે છે.

ઉપર દર્શાવેલી હોડીઓને લાંગરવા માટે તથા માછલીનાં જથ્થાનાં ઉતરાણ માટે વેરાવળ, માંગરોળ, પોરબંદર, જખૌ, ધોલાઇ વગેરે મત્સ્ય બંદરો પર વિશ્વબેંક/ભારત સરકારની સહાયથી બેકવોટર વોલ, બર્થીંગ જેટી, ઓકશન હોલ, ગીયર શેડ જેવી માળખાકિય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. મુખ્ય મત્સ્ય બંદરો પર યાંત્રિક હોડીઓને બળતણ પુરૂં પાડવા ડીઝલ પંપની પણ સ્થાપના કરવામાં આવી છે.

ગુજરાત રાજય દરિયાઇ ઉત્પાદનમાં સૌથી મોખરે છે. રાજયનું છેલ્લા પાંચવર્ષનુ મત્સ્ય ઉત્પાદન નિચેના કોઠામાંદર્શાવેલ છે.

| ક્રમ | વર્ષ | મત્સ્ય ઉત્પાદન |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | ૬૯૫૮૮૦ |
| ૨ | ૨૦૧૪-૧૫ | ૬૯૮૪૫૦ |
| 3 | ૨૦૧૫-૧૬ | ૬૯૭૩૨૮ |
| ૪ | ૨૦૧૬-૧૭ | ૬૯૮૮૩૨ |
| ૫ | ૨૦૧૭-૧૮ | ૭૦૦૭૪૩ |

(માહિતિ સ્ત્રોત: Fisheries statistics of Gujarat State-2016-17, Commissioner of Fisheries, Govt. of Gujarat, Gandhinagar)

ઉપરના આંકડા જોતાં જણાય છે કે ઉત્પાદનમાં નહિંવત વધારો થયો છે.

ગુજરાત રાજયમાં પાપલેટ, ઝીંગા, બુમલા, લોબસ્ટર, સેપીયા અને લોલીગો જેવી માછલીઓનું ઉત્પાદન થાય છે.

મત્સ્ય પેદાશોની નિકાસની બાબત જોઇએ તો વર્ષ ૨૦૧૭-૧૮ માં રાજયમાંથી ૩.૧૨ લાખ મેટ્રીક ટન મત્સ્ય પેદાશોની નિકાસ થઇ હતી, જેની કિંમત રૂ. ૫૦૭૧ કરોડ થાય છે જે દેશની કુલ મત્સ્ય પેદાશની નિકાસનાં ૨૨.૬૯ ટકા છે. રાજયનાં મુન્દ્રા તથા પીપાવાવ બંદરો અને અમદાવાદ હવાઇ મથકેથી મત્સ્ય પેદાશોની નિકાસ કરવામાં આવે છે. આ નિકાસ મુખ્યત્વે અમેરિકા, જાપાન, યુરોપીયન યુનિયન, ચીન અને દક્ષિણ-પૂર્વ એશીયાનાં દેશોમાં થાય છે. મત્સ્ય પેદાશોની નિકાસની છેલ્લા પાંચ વર્ષની વિગતો નિચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મત્સ્ય પેદાશોની નિકાસ | |
|---|---|---|---|
| | | જથ્થો | કિંમત(રુપિયા,કરોડમાં) |
| ૧ | ૨૦૧૩-૧૪ | ૨૫૧૯૨૦ | ૩૬૫૮.૫૭ |
| ૨ | ૨૦૧૪-૧૫ | ૨૪૫૪૩૪ | ૩૬૪૫.૨૩ |
| ૩ | ૨૦૧૫-૧૬ | ૨૦૮૬૨૪ | ૩૫૬૭.૨૪ |
| ૪ | ૨૦૧૬-૧૭ | ૨૩૭૪૪૨ | ૪૪૧૨.૧૪ |
| ૫ | ૨૦૧૭-૧૮ | ૩૧૨૫૬૮ | ૫૦૭૧.૦૫ |

(માહિતિ સ્ત્રોત: Marine products Export Development . Authority, Govt. of India)

રાજયમાં માછલીઓનાં પ્રોસેસીંગ અને ફ્રિઝીંગ પ્લાન્ટની સંખ્યા ૮૯ છે, જે ગીર-સોમનાથ, જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલા છે જેની કુલ ક્ષમતા ૩૪૧૮ મેટ્રીક ટનની છે.

એકંદરે ગુજરાત રાજયનાં દરિયાઇ જળ વિસ્તારની મત્સ્ય ઉત્પાદનની ક્ષમતા (MSY) જે ૭.03 લાખ મેટ્રીક ટન નિર્ધારિત કરવામાં આવી છે તેની સામે છેલ્લા પાંચ વર્ષના મત્સ્ય ઉત્પાદનનાં આંકડા જોતાં જણાશે કે તે નિર્ધારિત મર્યાદાની નજીક પહોંચવાની તૈયારી છે. દરિયાઇ મત્સ્ય ઉત્પાદનનો વાર્ષિક વૃધ્ધિ દર ઉતરોતર ઘટતો જાય છે. જેથી ગુજરાત રાજયનાં દરિયાઇ મત્સ્યોધોગને હવે નિયંત્રિત કરીને હાલની ઉપલબ્ધ મત્સ્ય સંપતિનો Sustainable ઉપયોગ થાય છે તે જોવું જરૂરી બન્યું છે.

### ૨.૨ ગુજરાતનો આંતરદેશીય મત્સ્યોધોગઃ

રાજયમાં અનેક નદીઓ, જળાશયો, ગામ તળાવો આવેલા છે, જેમાં આંતરદેશીય મત્સ્યોધોગનાં વિકાસની વિપુલ તકો રહેલી છે. રાજય સરકારે દરેક જળસ્ત્રોતો માટે અલગ અલગ વિકાસ કાર્યક્રમો અમલમાં મુકયા છે. રાજયમાં પરંપરાગત રીતે આંતરદેશીય મત્સ્યોધોગ પર આજીવિકા મેળવતા દેવીપૂજક, ધીમર, ધીવર, માછી, કહાર, આદિજાતિ વગેરે સમાજ વસે છે. રાજયમાં નીચે મુજબ કોઠામાં દર્શાવેલ જળસ્ત્રોત ઉપલબ્ધ છે.

| ક્રમ | જળસ્ત્રોત | જળ વિસ્તાર |
|---|---|---|
| ૧ | ગામ તળાવો | ૨૨૦૦૦ હેક્ટર |
| ૨ | નાના સિંચાઇ તળાવો | ૯૩૦૦૦ હેક્ટર |
| ૩ | મધ્યમ અને મોટા જળાશયો | ૨,૫૫,૦૦૦ હેક્ટર |
| ૪ | નદીઓ અને નહેરોની લંબાઇ | ૩૮૬૫ કિલો મીટર |
| ૫ | એસ્ટયુરાઇ વિસ્તાર | ૨૧૦૦૦ હેક્ટર |
| ૬ | ભાંભરાપાણીનો વિસ્તાર | ૩,૭૬,૦૦૦ હેક્ટર |

(માહિતિ સ્ત્રોત: Fisheries statistics of Gujarat-2016-17, Commissioner of Fisheries, Govt. of Gujarat)

વર્ષ ૨૦૧૭-૧૮ માં જુદા જુદા જળસ્ત્રોતોનો મત્સ્ય ઉત્પાદનમાં નિચે કોઠો ૧૦ મુજબ ફાળો હતો.

| ક્રમ | જળસ્ત્રોત | વર્ષ ૨૦૧૭-૧૮ માં મત્સ્ય ઉત્પાદનમાં ફાળો (મેટ્રીક ટનમાં) |
|---|---|---|
| ૧ | ગામ તળાવો/સિંચાઇ તળાવો | ૯૪૬૬ |
| ૨ | જળાશયો | ૩૧૭૩૪ |
| ૩ | નદીઓ | ૨૧૪૩૮ |
| ૪ | એસ્ટયુરી | ૯૬૯૭ |
| ૫ | ભાંભરાપાણી | ૫૪૬૮૯ |
| ૬ | માર્કેટ અને અન્ય | ૧૦૬૬૦ |
| | કુલ... | ૧૩૭૬૮૪ |

(માહિતિ સ્ત્રોત :Fisheries statistics of Gujarat-2016-17,Commissioner of Fisheries , Govt. of Gujarat)

ગુજરાત રાજયમાં છેલ્લા ચાર-પાંચ દાયકાથી ગામ તળાવોમાં મત્સ્ય ઉછેર પ્રવૃતિ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહયું છે.

દક્ષિણ અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં સિંચાઇની સવલતો વધવાની સાથે બારમાસી ગામ તળાવોની ઉપલબ્ધી પણ વધી. જેથી મત્સ્ય ઉછેર પ્રવૃતિને વેગ મળ્યો. સ્થાનિક લોકોએ પણ મત્સ્ય ઉછેર પ્રવૃતિને એક રોજગારલક્ષી વ્યવસાય તરીકે સ્વીકારી લીધો. પરંતુ, ગ્રામ પંચાયતો દ્વારા ગામ તળાવો મત્સ્ય ખેડૂતને ઇજારા પર આપવાની સરકારશ્રીની નીતિ સરળ ન હોવાથી ગ્રામ પંચાયતોને ઇજારાની થતી ચોખ્ખી આવક અને તે દ્વારા થતા ગ્રામ વિકાસનાં કામોનું સ્પષ્ટ મુલ્યાંકન થઇ શકતું ન હતું. તેથી વર્ષ ૨૦૦૩ માં ગુજરાત સરકારે ગ્રામ પંચાયત હસ્તકનાં ગામ તળાવોને મત્સ્ય ઉછેર પ્રવૃતિ માટે ભાડા પટ્ટેથી આપવા માટેની નીતિ બહાર પાડી. આ નીતિ હેઠળ ગ્રામ પંચાયત પોતાનું તળાવ મત્સ્ય ઉછેર પ્રવૃતિ માટે આપવા ઇચ્છતિ હોય તે ગ્રામ પંચાયતે સંમતિદર્શક ઠરાવ પસાર કરીને સંબંધિત જિલ્લાની મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા (Fish Farmers' Development Agency) ને આપવાનો રહે છે. આ રીતે જુદી જુદી ગ્રામ પંચાયતો તરફથી મળેલા સંમતિદર્શક ઠરાવોને આધારે મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા તે ગામ તળાવો મત્સ્ય ઉછેર પ્રવૃતિ માટે ૧૦ વર્ષ માટે ટેન્ડર દ્વારા ભાડા પટ્ટેથી આપવાની સ્થાનિક સમાચાર પત્રોમાં જાહેરાત આપીને બહોળી પ્રસિધ્ધિ કરે છે. આ રીતે મળેલા સિલબંધ ટેન્ડર્સને સમિતિ સમક્ષ અને સંબંધિત ગ્રામ પંચાયતોના પ્રતિનિધિ સમક્ષ ખોલવામાં આવે છે. તે પૈકી જે ટેન્ડર સૌથી ઉંચુ હોય તે મંજૂર કરવામાં આવે છે. જે આસામીનું ટેન્ડર

મંજૂર થાય તેણે દર વર્ષે વાર્ષિક ભાડા-પટ્ટાની રકમ અગાઉથી મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થામાં જમા કરાવવાની રહે છે. મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા તે રકમમાંથી ૨(બે) ટકા વહિવટી ખર્ચ બાદ કરીને બાકીની રકમ સંબંધિત ગ્રામ પંચાયતને ચેકથી ચૂકવે છે. જેમાથી ગ્રામ વિકાસના કામો હાથ ધરવામાંઆવે છે.

મોટા ભાગના જિલ્લાઓમાં મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થાની સ્થાપના અને છેલ્લા લગભગ ૨૫-૩૦ વર્ષમાં લગાતાર પ્રયત્નો પછી પણ આંતરદેશીય મત્સ્ય ઉત્પાદનમાં ગામ તળાવોનો ફાળો ૬.૮૭ ટકા (૯૪૬૬ મેટ્રીક ટન) છે. પંચાયતો હસ્તકના ગામ તળાવો ભાડા પટ્ટાથી આપવા માટે રાજય સરકારે વર્ષ ૨૦૦૩ થી એક નીતિ અમલમાં મુકી છે. નીતિ મુજબ ૧૦ વર્ષના ગાળા માટે ગામ તળાવો ભાડા પટ્ટેથી આપવામાં આવે છે.

જળાશયોનો કુલ ઉત્પાદનમાં ૨૩.૦૪ ટકા (૩૧૭૩૪ મે.ટન) ફાળો છે. રાજયનાં જળાશયોને મત્સ્યોધોગ વિકાસ હેઠળ આવરી લઇને ભાડા પટ્ટાથી આપવા માટે રાજય સરકારે વર્ષ ૧૯૯૦ માં એક નીતિ અમલમાં મકી છે. નીતિ મુજબ ૧૦ વર્ષના ગાળા માટે ભાડા પટ્ટેથી આપવામાં આવે છે. જળાશયના ઇજારદારોને મત્સ્ય બીજ સંગ્રહ, હોડીઓની ખરીદી વગેરે પર સહાય આપવામાં આવે છે.

નદીઓનો કુલ ઉત્પાદનમાં ૧૫.૫૭ ટકા (૨૧૪૩૮ મે.ટન) નો ફાળો છે. નદીઓનું ઉત્પાદન દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાતની નદીઓમાંથી આવે છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉતર ગુજરાતમાંથી કોઇ ઉત્પાદન મળતું નથી. નદીઓના માછીમારોની હોડીઓમાં નાના યંત્રો બેસાડવા માટે સરકારશ્રી તરફથી સહાય આપવામાં આવે છે.

એસ્ચ્યુરી (દરિયાઇ ભરતીની અસરવાળો નદીનો મુખ વિસ્તાર) નો કુલ ઉત્પાદનમાં ૭.૦૪ ટકા (૯૬૯૭ મેટ્રીક ટન)નો ફાળો છે. એસ્ચ્યુરીમાં મુખ્યત્વે કચ્છના નાના રણનો વિસ્તાર, તથા દક્ષિણ અને મધ્ય ગુજરાતની નદીઓનાં દરિયાઇ ભરતીની અસરવાળા વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વિસ્તારના પગડીયા માછીમારો માટે સરકારશ્રીએ સાયકલ-બોકસ-જાળનાં એકમો પર સહાયની યોજના અમલમાં મૂકી છે.

ભાંભરા પાણીનાં ઉપલબ્ધ ૩,૭૬,૦૦૦ હેકટર વિસ્તાર પૈકી ૮૯,૦૦૦ હેકટરનો દરિયાકાંઠાનો વિસ્તાર ભાંભરા પાણીનાં મત્સ્યોધોગ માટે સાનુકૂળ છે. ૨૦૧૭-૧૮ ના વર્ષમાં ભાંભરા પાણીનાં ઉત્પાદનનો ફાળો ૩૯.૭૨ ટકા(૫૪૬૮૯ મેટ્રીક ટન) હતો. દરિયા કિનારાનાં ભાંભરા પાણીનાં આ વિસ્તારની જમીન ફાળવણી માટે ગુજરાત સરકારના મહેસુલ વિભાગે વર્ષ ૨૦૦૭ માં એક નીતિ અમલમાં મૂકી છે તે મુજબ ભાંભરા પાણીનાં મત્સ્યોધોગ માટે જમીન ફાળવવામાં આવે છે. આ જમીનમાં તળાવો બનાવીને ઝીંગાનો ઉછેર કરવામાં આવે છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં ખુબ જ માંગ છે. રાજય સરકારનું મત્સ્યોધોગ ખાતું તથા કેન્દ્ર સરકારની મરીન પ્રોડકટસ એકસપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી (MPEDA) મત્સ્ય ખેડૂતોને તાલીમ, ઇનપુટ સહાય અને ટેકનીકલ માર્ગદર્શન પુરું પાડે છે.

એકંદરે, ગુજરાત રાજયમાં ઉપલબ્ધ મીઠા પાણીના જળસ્ત્રોતો તથા ભાંભરા પાણીનાં સ્ત્રોતોને ધ્યાને લેતાં હજુ પણ વધુ મત્સ્ય ઉત્પાદન મેળવવાની અને

ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીની તકો નિર્માણ થવાની શક્યતાઓ રહેલી છે.

**3.0 સારાંશ :-** ગુજરાત રાજ્યમાં દરીયાઇ મત્સ્યોદ્યોગનો વિકાસ થવાથી હોડીઓના બાંધકામ, જાળ બનાવવાના કારખાના,માછલીનાં પ્રોસેસીંગ પ્લાન્ટસ તેમજ માછલી વહન કરતાં વાહનોમાં વધારો થતાં વેરાવળ, માંગરોળ, પોરબંદર અને ઓખા જેવા મોટા મત્સ્ય બંદરોની સાથે નાના મત્સ્ય ગામોમાં પણ મત્સ્યોદ્યોગ પ્રવુતિને કારણે આર્થિક વિકાસ જોવા મળે છે.આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્રે મોટા જળાશયો,ગામ તળાવો તથા ભાંભરા પાણી માટે સરકારશ્રીએ જુદી જુદી નીતિ બહાર પાડી. પરીણામે આદીજાતિ વિસ્તાર અને કાઠા વિસ્તારના ઊંડાણના ગામોમાં ગ્રામ વિકાસની ઝલક દેખાઇ આવે છે.

**સંદર્ભ સૂચિ :**

1. Handbook on fisheries statistics-2018 published by Ministry of Fisheries ,Animal Husbandry and Dairying,Govt. of India,New Delhi
2. Fisheries statistics of Gujarat State-2016-17 ,Commissioner of Fisheries,Govt. of Gujarat,Gandhinagar
3. Website of Marine Product Export Development Authority, Ministry of Commerce, Govt. of India
4. Website of NITI AYOG, Govt. of India
5. Website of National Fisheries Development Board, Govt. of India
6. ગુજરાત સરકારશ્રીની ગામ તળાવો ભાડા-પટ્ટેથી આપવાની નીતિ-૨૦૦૩
7. ગુજરાત સરકારશ્રીની જળાશયો ભાડા-પટ્ટેથી આપવાની નીતિ-૨૦૦૪
8. ગુજરાત સરકારશ્રીની ભાંભરા પાણીની જમીન ભાડા- પટ્ટેથી આપવાની નીતિ-૨૦૧૮